અપીલ અરજી નં.૧૪૪ તા.૨–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશ્વિનભાઈ નાથાભાઈ સાવલીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશ્વિનભાઈ નાથાભાઈ સાવલીયા ની તા.૧૧–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.(૨.૧) વરાછા ઝોનમાં તા. ૧૭–૩–૧૧ના રોજ કરેલ અરજી જેનો ઈનવર્ડ નં. ૧૩૫૧ છે. જેના અનુસંધાનમાં કરેલ તમામ કાર્યવાહીની નકલ. મુદ્દા નં. (૨.૨) અમો અરજદાર ધ્વારા તા. ૧૮–૩–૧૧ નાં રોજ કરેલ માનનીય મ્યુનિસીપલ કમિશ્નરશ્રીને કરેલ અરજી બાદ થયેલ તમામ કાર્યવાહીની નકલ. વિ. મુદ્દા નં. (૨.૧) થી (૨.૮)અને મુદ્દા નં.૩ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૪/૨૦૧૧–૧૨

શ્રી અશ્વિનભાઈ નાથાભાઈ સાવલીયા ની તા.૧૧–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.(૨.૧) વરાછા ઝોનમાં તા. ૧૭–૩–૧૧ના રોજ કરેલ અરજી જેનો ઈનવર્ડ નં. ૧૩૫૧ છે. જેના અનુસંધાનમાં કરેલ તમામ કાર્યવાહીની નકલ. મુદ્દા નં. (૨.૨) અમો અરજદાર ધ્વારા તા. ૧૮–૩–૧૧નાં રોજ કરેલ માનનીય મ્યુનિસીપલ કમિશ્નરશ્રીને કરેલ અરજી બાદ થયેલ તમામ કાર્યવાહીની નકલ. વિ. મુદ્દા નં. (૨.૧) થી (૨.૮)અને મુદ્દા નં.૩ની માહિતી આપવા બાબતે વરાછા ઝોન અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૨૪તા.૧૦–૫–૧૧ થીઆપેલ માહિતી છુપાવવામાં આવી છે. એવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અરજીમાં જણાવેલ અરજી મળ્યા ન મળ્યાની વિગતો, તેની નકલો સાથે તેમજ થયેલ ન થયેલ કાર્યવાહીની વિગતો આપવા જોગ પૂરક માહિતીની નકલો રજુ કરવા તથા વધુમાં અપીલ અરજી પણ કલમ–૬(૩) હેઠળ દિન–૫ માં તબદીલ કરવાની રહે છે જે પ્રસ્તુત કેસમાં દિન–૨૭ સુધી તબદીલ થયેલ નથી ત્યાર બાદ વિલંબથી કલમ–૬(૩) હેઠળ તબદીલી પત્ર વિના માત્ર અપીલ રવાના કરી દેવા અંગે સ્પષ્ટતા પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૧ તા.૫–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજી સાથે નિયમ–૬ મુજબ મૂળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજૂ કરવાની રહે છે. જે અપીલ અરજી સાથે રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા તથા તેમની અપીલમાં આપેલ માહિતી છુપાવેલ છે તેવું જણાવેલ છે જેને અનુલક્ષી કઈ માહિતી છુપાવેલ છે? કયા મુદ્દા પરત્વે? તેની વિગતો નારાજગીના કોઈ આધાર તેમની કક્ષાએ હોય જેમકે ઈ. નં.૧૩૫૧ આપેલ, અરજીની નકલ વિગેરે તેની નકલો સહિત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સંકલન ધ્વારા જાવક નંબર તારીખ વિનાના પત્ર સાથે તા.૧–૭–૧૧ ના રોજ પૂરક વિગતોમા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૪ તા.૧૦–૫–૧૧ ના પત્રની નકલ તથા તેની મળ્યા અંગેના પહોંચની નકલ, વિલંબિત તબદીલી અંગેનો રજૂ કરેલ ખુલાસો પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯ તા.૧૨–૭–૧૧ ના પત્ર અત્રે મળેલ છે. પરંતુ તે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રજૂ નહીં થતા માત્ર સંકલન કક્ષાએથી રજૂઆત થાય છે.જે પ્રસ્તુત કેસમાં તેટલે અંશે અનુમાનિત જાહેર માહિતી અધિકારી બને. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.૨.૧ થી ૨.૮ અને મુદ્દા નં.૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાનમાં અરજદારે માહિતી છુપાવવામાં આવેલ હોવાનું જણાવી તા.૨–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૨.૧) વરાછા ઝોનમાં તા.૧૭–૩–૧૧ ના રોજ કરેલ અરજી જેનો ઈનવર્ડ નં. ૧૩૫૧ છે. જેના અનુસંધાનમાં કરેલ તમામ કાર્યવાહીની નકલ. મુદ્દા નં. (૨.૨) અમો અરજદાર ધ્વારા તા. ૧૮–૩–૧૧નાં રોજ કરેલ માનનીય મ્યુનિસીપલ કમિશ્નરશ્રીને કરેલ અરજી બાદ થયેલ તમામ કાર્યવાહીની નકલ.(૨.૩) અમો અરજદાર ધ્વારા તા.૨૨–૩–૧૧ ના રોજ કરેલ અરજીની કાર્યવાહીની તમામ નકલો. તેવા મુદ્દા નં.૨.૧ થી ૨.૩ ના પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્વર્ડ નં.૧૩૫૧ અરજી અંગે વરાછાઝોન કચેરીએ વહીવટી કામગીરી અંગે કોઈ રેકર્ડ નોંધાયેલ નથી. તેવું જણાવેલ છે. (૨.૪) અમો અરજદારોની મુદ્દા નં.(૨.૧),(૨.૨),(૨.૩) વાળી અરજી આપ્યા પછીની કાર્યવાહી કરવાની જવાબદારી કયા કયા અધિકારીની આવે તેની આરટીઆઈ એકટ હેઠળ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી ડી.એમ. જરીવાલા (કાર્યપાલક ઈજનેર), શ્રી ડી.ટી. ચૌધરી (ડે.ઈજનેર), શ્રી અશોક પટેલ (આસી. ઈજનેર), જે.કે. પારેખ (જુની. ઈજનેર) તેવું જણાવેલ છે. (૨.૫) અમો મોજે કરંજ રે.સ. નં.૩૪ ટીપી ૩, ફા.પ્લોટ –૨૪, ડાયાપાર્ક સોસા. પ્લોટ નં.૧૦૦,૧૦૧,૧૦૨, ના કાયદેસરના રેકર્ડ પ્રમાણેના માલિકો કોણ કોણ છે. તેની પુરાવા સહિતની

આરટીઆઈ એકટ હેઠળ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના ધ્વારા માંગ્યા મુજબનો રેકર્ડ વરાછાઝોન કક્ષાએ નિભાવવામાં આવતો નથી. તેવું જણાવેલ છે. (૨.૬) વરાછાઝોનના મોજે કરંજમાં તથા બાંધકામ અટકાવવાની જવાબદારી કયા અધિકારીની આવે છે તેની આરટીઆઈ એકટ હેઠળ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી આર.વી.ગામીત (કાર્યપાલક ઈજનેર) , શ્રી ડી.ટી ચૌધરી (ડે.ઈજનેર), જે.કે. પારેખ (જુની. ઈજનેર) તેવું જણાવેલ છે. (૨.૭) સુરત મહાનગપાલિકાના જવાબદાર અધિકારી પોતાની ફરજમાં બદરકાર રહે તો સુરત મહાનગપાલિકાના અધિકાર પર પગલા ભરવાની જવાબદારી કયા અધિકારીની છે અને તેની સમય મર્યાદા શું તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગપાલિકાના જવાબદાર અધિકારી પોતાની ફરજમાં બેદરકાર રહે તો સબંધિત ખાતાના ઉપરી અધિકારીની રહે છે. સમય મર્યાદા બાબતે માહિતી અધિકારીના કાર્યક્ષેત્રમાં આવતું ન હોય આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. (૨.૮) એસએમસી.ઈસ્ટઝોન ના મોજે કરંજ ના રે.સ. નં.૩૪ વાળી જમીન જેનો ટીપી નં.૩ ફા.પ્લોટ ૨૪ છે જેના એસએમસી ધ્વારા ગેરકાયદેસર બાંધકામ અટકાવનાર જવાબદાર અધિકારીનું પુરું નામ, હોદ્દો ઓફિસનો ફોન નંબર તેમની નોકરીનો સમયગાળો અને ગુજરાત રાજયમાં તેમના નામે મિલ્કત અને પગાર પત્રકની નકલો અને ઈન્કમટેક્ષ એકટ મુજબ ફોર્મ નં.૧૬ માં ભરેલ રોર્ટનની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી આર.વી.ગામીત (કાર્યપાલક ઈજનેર) , શ્રી ડી.ટી ચૌધરી (ડે.ઈજનેર), જે.કે. પારેખ (જુની. ઈજનેર) ફો નં.૨૫૪૭૭૫૦, નોકરીનો સમયગાળો અને પગારપત્રકની નકલ મેળવવા જરૂરી ફી ભર્યેથી આપવામાં આવશે. ફોર્મ નં.૧૬ વરાછાઝોન કચેરીએ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. પરંતુ તેવા મુદ્દા અંગે લાગત જાહેર સત્તા મંડળને જાહેર માહિતી અધિકારીને તબદીલ થયાની કોઈ વિગત જણાતી નથી. મુદ્દા નં.(૩) પગાર કરતાં વધારે મિલ્કત ધરાવનાર જવાબદાર અધિકારી ઉપરોકત મુદ્દા નં.(૨.૯) ની ઉપર કોઈ કાયદેસરની કાર્યવાહી અગાઉ થઈ હોય તો તેની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી માહિતી આપવાની રહેતી નથી. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજીની સમય અવધિના છેલ્લા દિને માહિતી પાઠવેલ છે. તેવું જણાવેલ છે. અરજદારને અપીલ અરજી સાથે નિયમ–૬ મુજબ મૂળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજૂ કરવાની રહે છે. જે અપીલ અરજી સાથે રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા તથા આપની અપીલમાં આપેલ માહિતી છુપાવેલ છે તેવું જણાવેલ છે જેને અનુલક્ષી કઈ માહિતી છુપાવેલ છે? કયા મુદ્દા પરત્વે? તેની વિગતો નારાજગીના કોઈ આધાર તેમની કક્ષાએ હોય જેમકે ઈ. નં.૧૩૫૧ આપેલ, અરજીની નકલ વિગેરે તેની નકલો સહિત મોકલવા પત્ર પાઠવેલ. તેમ છતાં અરજદાર તરફથી તેવી કોઈ વિગતો કે આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી. મુદ્દા નં.૨.૮ માં પગાર પત્રકની નકળ મેળવવા જરૂરી ફી ભરી નકલ મેળવી લેવા જણાવેલ છે. પરંતુ અરજદાર તરફથી તેવી કોઈ ફી ભરી માહિતી મેળવેલ જણાતી નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પ્રસ્તુત કેસમાં દિન–૨૭ સુધી અપીલ અરજી અત્રે તબદીલ થયેલ નથી જે તબદીલી નહીં કરવા તથા વિલંબથી ૨૭ દિન બાદ અપીલ રવાના કરી દેવા સબબ જાહેર માહિતી અધિકારીને બદલે સંકલનના નામથી ખુલાસો રજૂ કરેલ છે જે પ્રસ્તુત કેસમાં તેટલા અંશે અનુમાનિત જાહેર માહિતી અધિકારી બને તેમણે પત્ર નં.ઈ.ઝેડ/આરટઆઈ/આ.નં.૯ તા.૧૨–૭–૧૧ થી અપીલ અને મુળ અરજીની તમામ ફાઈલો શરત ચૂકથી મુખ્ય કચેરીએ મોકલવાની રહી ગયેલ છે . તેવી રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર મુદ્દા નં.૨.૮ માં પગાર પત્રકની નકલ મેળવવા જરૂરી ફી ભરી નકલ મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે. અરજદાર અપીલ તબકકે તક આપવા છતાં વિવાદિ મુદ્દા કે છુપાવેલ મુદ્દા અંગે વિગતો–બચાવ રજૂ કરવામાં નિષ્ફળ રહેલ હોઈ તે અંગે કોઈ નિર્ણય લેવાનો રહેતો નથી.

ભવિષ્યમાં કલમ–૬(૩) હેઠળ તબદીલીની કાળજી લેવા જાહેર માહિતી અધિકારીને સૂચિત કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અશ્વિનભાઈ નાથાભાઈ સાવલીયા,